# મહિલા બાળ વિકાસ સંસ્થાન દ્વારા "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી



ગાંધીનગર,તા.૦૬

"વિશ્વ પર્યાવરણ દિવસ" ની ઉજવણીના ભાગ રૂપે ગાંધીનગરમાં સેક્ટર ૩૦ માં આવેલ મુક્તિધામ ખાતે "એન્વાયરમેન્ટ કેર એન્ડ ડેવલપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ"ના સૌજન્યથી અને "માન વાધિ કાર એવમ મહિલા બાળ વિકાસ સંસ્થાન" સાથે રહીને વડના વૃક્ષનું રોપણ કરીને, વૃક્ષોને ટ્રી ગાર્ડ લગાવી, વાવેલા વૃક્ષોને પાણી પીવડાવી પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો નમ્ર પ્રયાસ કર્યોહતો. પ્રમુખ વીણાબા ઝાલા, મનોજ જોષી અને મોટી સંખ્યામાં કારોબારી સભ્યોએ પર્યાવરણ સેવા કરી હતી.



શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પર્યાવરણ દિન અંતર્ગત સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને આંબાના વૃક્ષનો શણગાર કરી સંતો હરિભક્તોએ ઝુલાવ્યા હતા.

# સંસ્કૃતિ પરિવાર દ્વારા વટસાવિત્રી વ્રતની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર,તા.૦૬

વટસાવિત્રી વ્રતની ઉજવણી નિમિત્તે સહુ બહેનોના સૌભાગ્ય માટે પ્રાર્થના કરાઈ અને ગીતો ગવાયા હતા. કાર્યક્રમના નિર્ણાયક તરીકે પરમજીત છાબડા અને ચીફ ગેસ્ટ તરીકે ઉમાબા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામનું આયોજન પ્રમુખ પ્રતિભાબહેને કર્યું હતુ અને ગ્રુપના કાર્યક્રમો વિષે યોગ્ય માહિતી આપી હતી. બહેનોને યુઝફુલ ટિપ્સ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. હિરલબહેન પંડ્યા દ્વારા વિજેતાઓને ઈનામ વિતરણ કરાયું હતું. હરીફાઈના પ્રથમ વિજેતા પ્રતિભાબહેન દવે, દ્વિતીય વિજેતા છાયાબહેન પંચાલ, તૃતીય વિજેતા મીનાક્ષીબહેન



પરીખ, અને ચોથા ક્રમાંકે ભારતીબહેન પોપટ વિજેતા બન્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન પાયલ બહેન મહેતાએ સુંદર રીતે કર્યું હતું. મીનાક્ષી બહેને કમિટીની બહેનો અને ભાગ લેનાર બહેનોનો આભાર માન્યો હતો.

# વાણિજ્ય કોલેજની વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટીની પરીક્ષામાં મેદાન માર્યું

ગાંધીનગર,તા.૦૬

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર એ સરકારી કોલેજ હોવાથી સરકારશ્રીના વિવિધ પ્રોગ્રામો તેમજ સંસાધનોનો સદુપયોગ કરે છે, જેનો લાભ વિદ્યાર્થીઓને મળી રહ્યો છે. વિદ્યાર્થીઓને સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરમાં અભ્યાસની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ફિનિશિંગ સ્કૂલ, કરિયર કાઉન્સિલિંગ, એસ. એસ. આઈ. પી., ઈનોવેશન ક્લબ, બીઝફેસ્ટ વગેરે જેવી અભ્યાસેતર પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ ભણતરની સાથે સાથે વિવિધ તકનીકી કુશળતાઓ પણ પ્રાપ્ત કરી શકે. વિદ્યાર્થીઓ કોલેજના વિવિધ સંસાધનો જેવા કે કમ્પ્યુટર્સ, વાઈફાઈ તેમજ લાઈબ્રેરી વગેરે જેવી વિવિધ સગવડોનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. ગુજરાત યુનિવર્સિટીની બી.કોમ સેમેસ્ટર ૬ ની પરીક્ષા માં સરકારી વાણિજ્ય કોલેજની





વિદ્યાર્થીની દેવયાની પટેલે પ્રથમ ક્રમ તેમજ પૂર્વા ચૌહાણએ પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. કોલેજના NET, SET, Ph.d તેમજ વિશાળ અનુભવ ધરાવતા ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવામાં આવે છે.જેના લીધે સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે ગુજરાતી માધ્યમ તેમજ અંગ્રેજી માધ્યમ બંનેમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો રહે છે. આચાર્યશ્રી ડૉ. એ. એન. સુતરીયાએ કાર્યદક્ષ અનુભવી અધ્યાપક ગણ તેમજ બંને વિદ્યાર્થીનીઓને ગુજરાત યુનિવર્સિટીમાં ક્રમ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્યની કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી.



શ્રીજી શ્રી ગોવર્ધનનાથજી ની હવેલી મંદિર સેક્ટર ૨૧ ખાતે કેરીનો મનોરથ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેનો ૬૦૦ થી વધુ વૈષ્ણવોએ દર્શનનો લાભ લઈને પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# વિશ્વ પર્યાવરણ દિવસે છાલા ગામની આંગણવાડી ખાતે વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૬

જૂન માસની પાંચમી તારીખે દેશભરમાં ઉજવવામાં આવતો વિશ્વ પર્યાવરણ દિવસના ભાગરૂપે ગાંધીનગર તાલુકાના છાલા ગામની આંગણવાડી ખાતે વૃક્ષારોપણ પ્રોગ્રામનું આયોજન આઈસીડીએસ વિભાગ દ્વારા કરવામાં આવેલ હતુ. જેમાં આંગણવાડીમાં આવતા બાળકોને વૃક્ષનું મહત્વ, ઉપયોગ અને તેની માવજત અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. આ પ્રસંગે આંગણવાડીના બાળકોની ઉપસ્થિતિમાં આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનો તેમજ આંગણવાડીના મુખ્ય સેવિકા (સુપરવાઈઝર) રચનાબેન દવેની ઉપસ્થિતિમાં સરગવા અને અન્ય છોડનું આંગણવાડી પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

# આજે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ

## પાંચમો વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 'ખાદ્ય ધોરણો જીવન બચાવે છે' (Food Standards Save Lives)ની થીમ પર ઉજવાશે

ગાંધીનગર,તા.૦૬

સ્વસ્થ શરીર માટે સલામત અને પૌષ્ટિક ખોરાક ખૂબ જ જરૂરી છે, આજના ભેળસેળ યુક્ત યુગમાં દૂષિત ખોરાક અને પાણીની આરોગ્ય પર થતી અસરો પર ધ્યાન કેન્દ્રિત કરવા સંયુક્ત રાષ્ટ્રસંઘે ૭ મી જૂનને વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું અને ૭ જૂન, ૨૦૧૯ એ પ્રથમ વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ ઉજવવામાં આવ્યો. આ વર્ષે પાંચમો વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ 'ખાદ્ય ધોરણો જીવન બચાવે છે' (Food Standards Save Lives)ની થીમ પર ઉજવવામાં આવી રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસપથ પર ગુજરાત આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સતત આગળ વધી રહ્યું છે. તીવ્ર ગતિએ વિકાસ પામી ભારત વિકસિત દેશોની હરોળમાં સામેલ થવા તરફ અગ્રેસર છે અને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનેલ છે ત્યારે છેવાડાનો માનવી સ્વસ્થ રહે તે માટે ધ્યાન કેન્દ્રિત કરવું અત્યંત આવશ્યક છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના નેતૃત્વવાળી ટીમ ગુજરાત 'સ્વચ્છ અન્ન સ્વસ્થ જન'ના મંત્રને સાકાર કરી રહી છે. રાજ્ય સરકારનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ખાદ્ય એકમો અને તેમાં કામ કરતા લોકોની સ્વચ્છતાનું ધ્યાન રાખે છે તથા જ્યારે જરૂરી હોય ત્યારે ખાદ્ય પદાર્થોના નમૂના લઈ ભેળસેળવાળા ખાદ્યપદાર્થોના વેચાણકર્તાઓ/ઉત્પાદકો સામે કડક કાર્યવાહી પણ કરી રહ્યું છે.

ઉપરાંત ફૂડ પોઈઝનિંગના જોખમ અંગે નાગરિકોને શિક્ષિત કરી તેને રોકવા માટે સક્ષમ બનાવવા જેવા જન આરોગ્યલક્ષી પગલાં ભરી રહ્યું છે. દૂધ, ખાદ્ય તેલ, મીઠાઈઓ, બેકરી ઉત્પાદનો,મિનરલ તથા પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર, પાન મસાલા, ગુટખા, કન્ફેક્શનરી, નમકીન અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સના ઉત્પાદકો અને વેચાણ કર્તાઓ પર આખું વર્ષ ચાંપતી નજર રાખવામાં આવે છે. . ઉપરાંત ઉનાળામાં ઠંડા પીણા, ફળોના રસ, મેંગો જ્યુસ (મેન્ગો મિલ્ક શેક), આઈસ્ક્રીમ, આઈસ કેન્ડી પર વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે.

# "સંપર્ક થી સમર્પણ" અભિયાન અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનની મુલાકાત



ગાંધીનગર,તા.૦૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર ૯ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત"સંપર્ક થી સમર્પણ" અભિયાન અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલની (સરદારભાઈ) શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ રુચીરભાઈ ભટ્ટ, મહામંત્રીશ્રીઓએ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ અવસરે મેયર એ કેન્દ્ર સરકારની ૯ વર્ષની ગૌરવવંતી સિદ્ધિઓ, યોજનાઓ અને સાફલ્યગાથાઓ વિશે વિસ્તૃત માહિતી પ્રદાન કરી હતી.

# રાજ્યના યુવક-યુવતીઓ માટે નિઃશુલ્ક હિમાલય શિખર આરોહણ અભિયાન

ગાંધીનગર,તા.૦૬

ગુજરાતના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ-ગાંધીનગર હેઠળની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલિમ સંસ્થા, માઉન્ટ આબુ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા. ૧ થી ૩૦ ઓગષ્ટ, ૨૦૨૩ દરમિયાન નિઃશુલ્ક હિમાલય શિખર આરોહણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાનમાં ભાગ લેવા ઈચ્છુક તાલિમાર્થીઓની પસંદગી ટૂંક સમયમાં કરવામાં આવશે, જેમાં ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ અરજી કરી શકશે, તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ કમિશનરશ્રીની યાદીમાં જણાવાયુ છે.

વધુમાં જણાવ્યાનુસાર, હિમાલય શિખર આરોહણમાં જોડાવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ એક સાદા કાગળમાં અરજી કરવાની રહેશે.

જેમાં પોતાનું પુરું નામ, સરનામું, મોબાઈલ નંબર, જન્મતારીખ, ઈ-મેઈલ એડ્રેસ, શૈક્ષણિક લાયકાત (ધોરણ -૧૨ પાસનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ) વગેરે દર્શાવવાનું રહેશે.

આ ઉપરાંત શારીરિક તંદુરસ્તી અંગેનું તબીબી પ્રમાણપત્ર, ગુજરાતના વતની હોવાનો દાખલો, વાલીની સંમતિ, જન્મ અને રહેઠાણનો પુરાવો, કોવિડના બન્ને ડોઝ લીધાનું પ્રમાણપત્ર, ખડક ચઢાણનો કોચિંગ કોર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર, હિમાલય ભ્રમણ કાર્યક્રમમાં ભાગ લીધા અંગેનું પ્રમાણપત્ર, બરફના બેઝિક, એડવાન્સ કોર્ષનુ પ્રમાણપત્ર જરૂરી હોવાથી સામેલ કરવાનું રહેશે. વધુમાં માઉન્ટ આબુ/જૂનાગઢ ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન માનદ ઈન્સટ્રક્ટર તરીકે સેવાઓ આપી હોય તો તેના પ્રમાણપત્રો પણ સાથે જોડવાના રહેશે.

# કુડાસણના "સોના" જેવા વિકાસમાં સિટી બસની "સુગંધ"ની ખોટ..!!

## કુડાસણની રિલાયન્સ ચોકડીથી કંસાર હોટેલ રોડ અને સરદાર ચોક સંલગ્ન નવા વિકસી રહેલાં "રૂર્બન" વિસ્તારને આવરી લેતી સિટી બસ સેવા જરૂરી : ન્યુ ગાંધીનગરથી સચિવાલય, સે.૨૧ અને અક્ષરધામ સુધી તેમજ ગિફ્ટસિટીને જોડતી સિટી બસ સેવા શરૂ થાય તો આશિર્વાદરૂપ બની શકે

ગાંધીનગર, તા.૦૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવા વિસ્તારો ખૂબ ઝડપથી વિકસિત થઈ રહ્યાં છે જેમાં કુડાસણ-સરગાસણ વગેરેનો સમાવેશ થાય છે.

આ ગામો એવાં છે કે જ્યાં હવે વિકાસની ગાડી પુરપાટ દોડી રહી છે પરંતુ હજુ પણ કેટલીક સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓના અભાવને પગલે મળવી જોઈએ તે ગતિ મળી રહી નથી. આ સુવિધાઓમાં સારી સરકારી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી દવાખાના કે કોમ્યુનિટી હોલ અથવા સ્પોર્ટ્સ સંકુલો ઉપરાંત સામુહિક જાહેર પરિવહન સુવિધાની મહત્વની જરૂરીયાત વર્તાઈ રહી છે.

જાહેર પરિવહન માટે શહેરી વિસ્તારની જેમ નવા વિકસી રહેલાં "રૂર્બન" વિસ્તારો ઝંખી રહ્યાં છે જેમાં કુડાસણ સાથે આસપાસના વિકસેલો નવો રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર પણ સામેલ છે જ્યાં આંતરિક માર્ગો પરથી સિટી બસની સેવા મળે તેવી માંગ પ્રવર્તી રહી છે.

ગાંધીનગરમાં શહેરી બસ સેવા યોગી સિટી બસ દ્વારા પુરી પાડવામાં આવે છે. સિટીબસ ખરેખર તો શહેરના આંતરિક વિસ્તારોને આવરી લેતી હોવી જોઈએ પરંતુ આ સિટીબસના રૂટ કલોલ, ચાંદખેડા, અડાલજ, રાંધેજા, બાલવા, ચિલોડા જેવા શહેરથી બહારના દૂરના વિસ્તારોને આવરી લે છે જ્યાં માટે અન્ય સરકારી બસ સેવા પણ મળે છે પરંતુ શહેરના આંતરિક વિસ્તારોમાં જ્યાં ખરેખર નોકરિયાતો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, વડીલોને જરૂર છે ત્યાં મળતી નથી જેના કારણે આ શહેરીજનોને નાછુટકે રીક્ષા કે કેબ જેવા મોંઘા ખાનગી પરિવહનનો આશરો લેવો પડે છે અથવા તો પોતાના વાહનો વસાવવા પડે છે જે શહેરના ટ્રાફિકમાં પણ વધારો કરે છે સાથે સાથે પર્યાવરણના સંતુલન પર પણ અસર પંહોચાડે છે.

### કુડાસણ માટે જરુરી જણાતાં સિટી બસના રૂટ

સવારે પથિકાશ્રમથી રિલાયન્સ ચોકડી થઈને કંસાર હોટલ, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, શ્યામ સૃષ્ટિ, સરદાર ચોક થઈને રક્ષાશક્તિ સર્કલથી ગિફ્ટ સિટી તરફ અને સાંજે તેજ રૂટથી પરત ભાઈજીપુરાથી કુડાસણ પાટિયા થઈને સ્વાગત રેઈફોરેસ્ટ-૧ સનરાઈઝ કોમ્પલેક્સ, સરદાર ચોક, સહજાનંદ સિટી, રિલાયન્સ ચોકડીથી ઈન્ફોસિટી, ઘ-૨ પથિકાશ્રમ થઈને ચ-રોડ પરથી મહાનગરપાલિકા, ચ-૫ જુના સચિવાલય થઈને સેક્ટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર અને અક્ષરધામ સુધી સર્ક્યુલર રૂટ ધોળેશ્વર મહાદેવથી સ્વામિનારાયણ ધામ થઈને યોગેશ્વર કોમ્પલેક્ષ, ઉર્જાનગર, રાયસણ પેટ્રોલપંપથી કુડાસણ પાટિયા અને રક્ષાશક્તિ સર્કલથી ચ-૦, ચ-૩ થઈને પથિકાશ્રમ એસટી ડેપો સુધીનો શટલ રૂટ કુડાસણ ગામમાંથી કંસાર હોટેલ, શિવાલય, વીટી સર્કલ, ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજ, રિલાયન્સ ચોકડી, ઈન્ફોસિટી, ઘ-૨, પથિકાશ્રમ સુધીનો શટલ રૂટ




"કુડાસણ વિસ્તારમાં રહેતા અનેક મધ્યમવર્ગીય પરિવારો અથવા ભાડે રહેતા પરપ્રાંતિય નોકરિયાતો જેમની પાસે પોતાના વાહન નથી તેમને વારંવાર શાકભાજી કે ફળફળાદિથી માંડીને કરિયાણું, પ્રોવિઝન ગ્રોસરી, કપડાં કે અન્ય ચીજવસ્તુઓ, દવાઓ કે તબીબી સેવાઓ વગેરે માટે ગાંધીનગરના શહેરી સેક્ટર વિસ્તાર જવું હોય છે જેમાં સે.૭ કે સે.૨૧ના શાક માર્કેટ, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર કે સે.૧૬નો બેંક્રિંગ કોમર્શિયલ વિસ્તાર, મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી, સચિવાલય, સિવિલ હોસ્પિટલ કે ગિફ્ટ સિટી જેવા વિસ્તારો તરફ જવા માટે ફરજિયાત ખાનગી વાહનોનો ઉપયોગ કરવાની ફરજ પડે છે."

**- વર્ષા દવે, સ્થાનિક ગૃહિણી**

"કુડાસણ વિસ્તારમાં શ્રમિકો, વિદ્યાર્થીઓ, નાના-મોટા નોકરિયાતો, વેપારીઓ સહિતના મધ્યમ વર્ગીય નાગરિકોની સંખ્યા વધી છે પરંતુ બીજી તરફ હજુ પણ આ વિસ્તારને જોડતાં એકલ-દોકલ સિટી બસના રૂટને બાદ કરતાં સિટી બસ સેવાના જાહેર પરિવહન સેવાને નામે મીંડુ જ છે. વળી, કુડાસણથી ગિફ્ટસિટી કે સચિવાલય સહિતના વિવિધ વિસ્તારમાં નોકરી કે મજુરી કામે જતાં કર્મચારીઓ કે શ્રમિકો અથવા વિવિધ શાળાઓ કે ક્લાસીસમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓ અથવા ખાનગી કંપનીના કર્મચારીઓ કે નવા સરકારી નોકરિયાતોને રોજીંદા અપડાઉન માટે મુખ્ય માર્ગો પર દોડતી શટલીયા રીક્ષાની સેવાઓનો આશરો લેવો પડી રહ્યો છે. "

**- ઇલેશ દરજી, સ્થાનિક વ્યવસાયિક**

"કુડાસણ વિસ્તાર ખુબ ઝડપથી વિકાસની હરણફાળ ભરી રહ્યો છે તે સૌ કોઈ જાણે છે અને અહીં અસંખ્ય નવી સોસાયટીઓ વિકસી છે અને હજુ વિકસી રહી જેમાં ફ્લેટ-એપાર્ટમેન્ટ્સ તેમજ ટેનામેન્ટ્સ-બંગ્લોઝ વગેરેનો સમાવેશ થાય છે. નવા રહેણાંક વિસ્તારોમાં ખૂબ મોટી સંખ્યામાં બહારથી આવેલાં નવા પરિવારોનો વસવાટ વધ્યો છે જેના કારણે સમગ્ર સત્વરે કુડાસણના સરદાર ચોક, પોદાર સ્કૂલ, કંસાર હોટેલ ચોકડી, રિલાયન્સ ચોકડી વગેરે વિસ્તારોને આવરી લેતી સિટી બસ સેવા શરૂ કરાય તો અંહીના સ્થાનિક રહીશો માટે ખૂબ ઉપયોગી બનશે."

**- પ્રવિણ રાઠોડ, સ્થાનિક વ્યવસાયિક**

"કુડાસણમાં રહેતી ગૃહિણીઓને પણ તાજાં શાકભાજી લેવાં સે.૨૧માં જવું હોય કે વડીલોને જેઓ ટુ-વ્હિલર કે કાર ચલાવવા અસમર્થ છે અને શટલિયા રીક્ષામાં ભીડમાં જવાનું ફાવે તેમ નથી તેમને પણ પંચદેવ મંદિર, ઉમિયા મંદિર કે અક્ષરધામ જવા કે સિવિલ હોસ્પિટલ, બેંક અથવા સચિવાલયના કામે જવા ઘર નજીકથી સિટી બસ મળે તો તેમના માટે આશિર્વાદરૂપ બનશે. કુડાસણમાં અનેક યુવા વિદ્યાર્થીઓ અને નોકરિયાતો સિંગલ્સમાં ભાડે રહે છે જેમની પાસે વાહન હોતું નથી અને તેમને રોજ નજીકની યુનિવર્સિટી કે ઈન્ફોસિટી અથવા ગિફ્ટસિટી જવાનું હોય છે તેમના માટે પણ સિટી બસની સેવા હોવી જોઈએ."

**- - ડો.ઉષ્મા રામી, સ્થાનિક મહિલા**